# ચીની નવવર્ષ ૨૦૨૦ : મૂષકનું વર્ષ

ચીની રાશિચક્ર, બાર વર્ષીય ચક્ર પર આધારિત છે, જેમાં દરેક વર્ષ એક વિશિષ્ટ પશુ સાથે જોડાયેલું છે. એવું માનવામાં આવે છે કે કોઈ વિશિષ્ટ વર્ષમાં જન્મ લેનારાં લોકો અને સ્વયં એ વર્ષ, તે વર્ષના પશુના ગુણ પ્રતિબિંબિત કરે છે. ૨૦૨૦માં, ચાંદ્રતિથિ અનુસાર, ચીની નવવર્ષ શનિવાર, ૨૫ જાન્યુઆરીએ છે. આ દિવસ મૂષક (ઉંદર)ના વર્ષના આરંભનું સૂચક છે, જે ચીની રાશિના બાર વર્ષીય ચક્રનો પહેલો પશુ છે.

મૂષકના વર્ષમાં જન્મેલાં લોકોમાં નિરીક્ષણની તીક્ષ્ણ શક્તિઓ તેમજ સકારાત્મક અભિગમ અને લવચીક મન હોય છે. તેમનું વ્યક્તિત્વ પ્રફુલ્લતાભર્યું અને મૈત્રીપૂર્ણ હોય છે. જ્યારે તેમની સામે મુશ્કેલી આવે છે ત્યારે તેમનાં સાહસપૂર્ણ અને સકારાત્મક ગુણો ઊભરી આવે છે. આ બધાંથી વિશેષ, તેઓ તેમની આજુબાજુનાં વાતાવરણનું મૂલ્યાંકન ઝડપથી કરી શકે છે અને બદલાતી પરિસ્થિતિમાં પોતાને ઢાળી લે છે.

# ઉંદરની દોડ

## *સિંધુ પૉર્ટર દ્વારા પુનર્લિખિત એક વાર્તા*

વાત એ સમયથી પણ પહેલાંની છે, જ્યારે વિશ્વની વ્યવસ્થા અને તેની કાર્યપ્રણાલી સારી રીતે ચલાવનારાં, દેવી 'નૂ વા' પૃથ્વી લોક પર ઊતર્યાં અને તેમણે માનવની રચના કરી. જ્યારે તેમનું કાર્ય સમાપ્ત થઈ ગયું ત્યારે તેઓ તેમના પતિ, સ્વર્ગના સમ્રાટના મહેલમાં પાછા ફર્યાં. પૃથ્વી પર તેમની પ્રથમ યાત્રા દરમ્યાન, 'નૂ વા'એ જોયું કે ઝગમગતો સૂર્ય અને મૂશળધાર વરસાદ આ ધરતીને પ્રેમથી આલિંગન કરી રહ્યા છે. દેવીને આ સંસાર ખરેખર ચમત્કારી લાગ્યો.

તેમ છતાં, 'નૂ વા' જેવાં ઘરે પહોંચ્યાં કે તરત જ સમ્રાટ દ્વારા તેમને એક એવું કાર્ય કરવાનો આદેશ મળ્યો જે ચોંકાવનારો હતો. તેમણે તરત જ પૃથ્વી પર પાછા ફરવાનું હતું અને આકાશમાં એક મોટું છિદ્ર પડી ગયું હતું, તેનું સમારકામ કરવાનું હતું. કંઈ પણ કરીને 'નૂ વા'એ ઝડપથી એ છિદ્ર પૂરવાનું હતું.

પોતાની દિવ્ય શક્તિ દ્વારા, 'નૂ વા'એ એક રંગબેરંગી પથ્થર બનાવ્યો જેનાથી એ છિદ્ર ભરી શકાય. આમ કરવા માટે, તેમણે ધરતી પર રહેતા વિશાળ કાચબાના ચાર પગનો ઉપયોગ કર્યો જેથી આકાશને પકડીને ઉપર જ રોકી શકાય. જોકે તે પ્રભાવી અને વ્યવહારિક ઉપાય હતો, પરંતુ પૃથ્વીની સંરચનામાં થયેલા આ મોટા ફેરફારને કારણે ધરતીકંપ આવ્યો જેણે આખી દુનિયામાં ઉથલપાથલ કરી નાખી. જમીન ધસી ગઈ અને ભયાનક પૂર આવ્યું. જેને કારણે પૃથ્વી પરના સમુદ્રોમાં પાણીની સપાટી વધી ગઈ. 'નૂ વા'એ જે નશ્વર લોકની રચના આટલા પ્રેમથી કરી હતી તે અચાનક જ અસાધારણ આફતનો સામનો કરી રહ્યો હતો.

સ્વર્ગના સમ્રાટે જળ દેવતાને આદેશ આપ્યો કે તેઓ પૂરના પાણીને કાબૂમાં લઈ લે જેથી માનવજાતિનો વિનાશ થતાં રોકી શકાય. ખૂબ જ પરિશ્રમથી, જળ દેવતા પાણીને કાબૂમાં લાવવા સફળ રહ્યા. તેમ છતાં, ઘણી જગ્યાએ પૂરના પાણી હજી સુધી ઊતર્યા ન હતાં. લોકો થાકી ગયાં હતાં, તેમનામાં હવે પૂરનો સામનો કરવાની તાકાત બિલકુલ રહી નહોતી.

આ ધરતીના દરેક ભાગમાં રહેતાં અસંખ્ય પ્રાણીઓ જેઓ ધરતીનું સંરક્ષણ અને જતન કરી રહ્યાં હતાં, તેઓ ક્ષણભરમાં વિજળીના એક ચમકારાની જેમ જળ દેવતાની નજર સમક્ષ દૃષ્ટાંત રૂપે દેખાયા. આ બધાં પ્રાણીઓએ પોતાની સુરક્ષા માટે ભાગીને પહાડોમાં ઊંચા સ્થાન પર આશ્રય લઈ લીધો હતો. આવામાં જળ દેવતા તેમને કેવી રીતે શોધી શકે? તેઓ પોતાના કાર્યમાં ઘણા વ્યસ્ત હતા એટલે તેમણે તેમના સહાયક, 'યૂ'ને નિર્દેશ આપ્યો કે તે બધાં પ્રાણીઓને શોધી કાઢે અને મદદ કરવા માટે તેમને વિનંતી કરે.

પૃથ્વીને બચાવવા માટે અસંખ્ય પ્રાણીઓને એકત્ર કરવાનું વિકટ કાર્ય સોંપવામાં આવ્યું હોવાથી 'યૂ'એ પ્રાર્થના કરી, ''ધરતીના બધાં પ્રાણી સલામતી માટે પર્વતોના ઊંચા-ઊંચા શિખરો પર છુપાઈ ગયા છે! હું તેમને અહીં કેવી રીતે લાવીશ?'' આટલું બોલીને તે અટકી ગયો, તેને સહેજ પણ ખ્યાલ નહોતો કે હવે તે શું કરે.

અચાનક જ 'યૂ'એ નીચે જોયું અને તેની નજર નીચે જમીન પર એકલા પડી ગયેલા ઉંદર (મૂષક) તરફ ગઈ. ઉંદર ભયભીત થઈને અહીંતહીં ભાગી રહ્યો હતો અને અચાનક તે અટકી ગયો. તરત જ, 'યૂ'ને થોડી રાહત મળી કે આ એક નાનો જીવ તો જોવા મળ્યો!

તે જ સમયે, આ પ્રલયની ક્ષણે, અચાનક આ ગંદો ઉંદર મળી જવાથી 'યૂ'ને આશ્ચર્ય પણ થયું. પછી તેને યાદ આવ્યું કે ઉંદરો તો ત્યાં જ જીવિત રહે છે જ્યાં મનુષ્ય હોય છે. ઉંદર જ એક એવું પ્રાણી હતું જે જળ દેવતાની સહાયતા કરવા માટે તેને મળ્યું હતું. તેથી 'યૂ'એ ઉંદરની નજીક જઈને તેને પકડી લીધો અને તેને પોતાની શાલની ગડીમાં મૂકી દીધો.

પૂરનાં પાણી દરેક ક્ષણે વધી રહ્યાં હતાં. પોતાના હાથમાં ધ્રૂજી રહેલાં આ પ્રાણીને જળ દેવતાની ઇચ્છા વિશે જણાવ્યાં બાદ 'યૂ'ને રાહત મળી અને તેના મનમાં આ નાનકડા પ્રાણી પ્રત્યે કૃતજ્ઞતા હજારગણી વધી ગઈ. આ તરફ, ઉંદર તરત જ સમજી ગયો કે જે વ્યક્તિએ તેને પકડી રાખ્યો છે તેનો ઇરાદો ખરાબ નથી, જેવું પહેલાં ઉંદરે વિચાર્યું હતું. તેથી ઉંદર 'યૂ'ને મદદ કરવા અને આ સંસારને બચાવવા માટે બીજાં પ્રાણીઓને ભેગાં કરવા માટે તરત જ સહમત થઈ ગયો.

પોતાના સાથીઓના જૂથ સાથે, આ ચતુર ઉંદર ઝાડમાં અને પહાડોમાં છુપાયેલાં ઘણાં બધાં પ્રાણીઓને બહાર લઈ આવ્યો. તેણે પ્રાણીઓના રાજા, વાઘને પણ મનાવી લીધો કે તે પહાડની ચક્કર આવી જાય તેવી ઊંચાઈઓ પરથી આ પ્રાણીઓના સમૂહને નીચે લઈ જવામાં તેમનું માર્ગદર્શન કરે. નાનાંમોટાં બધાં પ્રાણીઓ દોડવા લાગ્યાં; થોડી-ઘણી બચી ગયેલી સૂકી જમીન પર ઊભા રહીને, મનુષ્યોની સાથેસાથે તેઓ પણ વધી રહેલાં પાણીને રોકવાનો પ્રયત્ન કરવા લાગ્યાં.

આ રીતે મનુષ્યો અને પ્રાણીઓએ એક બીજાંના સહયોગથી પૂરને રોકી લીધું. જળ દેવતાના માર્ગદર્શનમાં, ઉંદરના નીડર સ્વભાવને લીધે જે બહાદુર પ્રાણીઓ ભેગાં મળ્યાં હતાં, તે બધાં સાથે મળીને પૃથ્વીની રક્ષા કરી શક્યાં. એક સાથે મળીને તેઓ પૃથ્વીની સુંદરતા અને વિવિધતાનું સંરક્ષણ કરવામાં સફળ થઈ ગયાં.

આ અદ્‌ભુત સફળતાને યાદગાર બનાવવા માટે, સ્વર્ગના સમ્રાટે એક ઘોષણા કરી જેને ત્યાં ઉપસ્થિત બધાંએ સાંભળી. જે પ્રાણીઓએ પૃથ્વીને સુરક્ષિત રાખવા પ્રયત્ન કર્યો હતો, તેમનું સમ્રાટ દ્વારા એવા ખિતાબથી બહુમાન કરવામાં આવશે જે અનંતકાળ સુધી યાદ રહેશે. સમ્રાટે જણાવ્યું કે તેમણે દૂરના એક સ્થાન પર એક પવિત્ર વેદી બનાવી છે, જે પવિત્ર સામગ્રીઓથી ભરેલી છે. આ વેદી એ દિવ્ય સ્રોતના સન્માનમાં બનાવી છે જેણે જગતના ભવિષ્યને સુરક્ષિત કર્યું છે.

બુલંદ અવાજમાં સ્વર્ગના સમ્રાટે ઘોષણા કરી, ''જે બાર પ્રાણીઓ આ પવિત્ર પૂજા-વેદી સુધી દોડીને પહેલાં પહોંચશે, તે ચીની રાશિચક્રના બાર દેવતા બનશે. આજ પછી વર્ષોવર્ષ તેમનું સન્માન કરવામાં આવશે!''

પ્રાણીઓની દોડ-સ્પર્ધાની પૂર્વ રાત્રિએ ચતુર ઉંદરે, વેદી સુધી કેવી રીતે પહોંચશે તેના પર ચિંતન કર્યું. તે પહેલાં એક તરફ દોડ્યો અને પછી બીજી તરફ, જેથી અંદાજ લગાવી શકાય કે સૌથી સારો રસ્તો કયો હશે. તે પવિત્ર વેદી સુધી સૌપ્રથમ કેવી રીતે પહોંચી શકે?

ત્યારે ઉંદરના મનમાં સંતાવાની યોગ્ય જગ્યા સૂઝી — તે બળદના મજબૂત શિંગડાના વણાંકમાં સલામત જગ્યાએ બેસી ગયો. દોડ દરમ્યાન ઉંદર દેખાશે નહીં પરંતુ બળદની સાથેસાથે તે પણ આગળને આગળ વધતો જશે. એક વાત ઉંદર ચોક્કસપણે જાણતો હતો કે બળદ સૌથી બળવાન અને દઢનિશ્ચયી પ્રાણી છે તેથી બીજાંઓ કરતાં આગળ નીકળી જશે અને સ્વર્ગના સમ્રાટ દ્વારા નક્કી કરેલી વેદી સુધી પહોંચી જશે.

ઉંદરે વિચાર્યું : ''જો હું રાશિચક્રનો પ્રથમ દેવતા બની પણ જાઉં, તો મને ખાત્રી છે કે બળદ એ વાતથી નારાજ નહીં થાય કે મેં તેના વળાંકવાળા શિંગડા પર સવારી કરી. તેની વફાદરી અને અડગ સ્વભાવને લીધે જો હું ઈનામ જીતી જાઉં તો બળદ એ સ્વીકારી લેશે.'' ઉંદર જાણતો હતો કે દોડ-સ્પર્ધાનું પરિણામ કંઈ પણ આવે, તેનો મિત્ર સ્વર્ગના સમ્રાટની આજ્ઞાનું પાલન કરશે.

સવાર પડી ગઈ; એ દિવસે સૂર્યોદય અતિસુંદર અને શાંત હતો. ઉગતા સૂર્યનાં કિરણો અસાધારણ તેજસ્વિતા સાથે પૃથ્વીને સ્પર્શ કરી રહ્યાં હતાં. ઉછળતાં પાણી શાંત થઈ ગયાં હતાં અને હાલની સંકટપૂર્ણ ઘટનામાંથી મળેલી રાહતથી ધરતી ચમકી રહી હતી. લાખો પક્ષીઓ મધુર સ્વરમાં ગાઈ રહ્યાં હતાં; બધાં પ્રાણીઓની એડી, પાંખો અને નખવાળા પંજાઓનો અવાજ આવી રહ્યો હતો, આ બધાં જ પ્રાણીઓ તેમના મનપસંદ લક્ષ્ય તરફ જવા માટે તૈયાર હતાં. સ્પર્ધા શરૂ થતાં પહેલાં મૌન છવાયેલું હતું.

ઉંદરના ધાર્યા પ્રમાણે દઢનિશ્ચયી અને એકાગ્રચિત્ત બળદ બહુ જલ્દી સૌથી આગળ નીકળી ગયો અને આખી દોડ દરમ્યાન કોઈ તેનાથી આગળ ન જઈ શક્યું.

પછી ઉંદરે કંઈક એવું કર્યું જે કોઈએ વિચાર્યું પણ નહીં હોય. બળદ ચમકતી વેદી સુધી પહોંચવાનો જ હતો કે ઉંદરે તેના પગ વાળ્યા. એક ઝટકા સાથે તેના આશ્રય સ્થાન, બળદના શિંગડામાંથી બહાર આવ્યો. એક લાંબો પ્રભાવશાળી કૂદકો મારી ઉંદર વિજયના ઉદ્ગાર સાથે વેદી પર મૂકેલા ગુલાબી પિઓનીઝ ફૂલોની ફૂલદાની પાસે આવી પહોંચ્યો.

ત્યાં ભેગાં થયેલાં બધાં જોરજોરથી બળદ માટે તાળી પાડી રહ્યાં હતાં કે અચાનક ઉંદરની આ વિલક્ષણ સફળતા જોઈને બધાં આશ્ચર્યમાં પડી ગયાં! આખા મેદાનમાં ગુસપુસ થવા લાગી, ''શું ઉંદર માટે મોટાભાગના રસ્તે બીજાના શિંગડા પર સવારી કરીને જીતવું ન્યાયસંગત હતું?'' સાચું કહું તો, કોઈએ પણ વિચાર્યું નહોતું કે ઉંદર ઇનામનો હકદાર છે.

ઉંદરનાં ઘણાં ગુણો હોવા છતાં બધાં ઉંદર માટે એવું વિચારી રહ્યાં હતાં કે કોઈક રીતે બીજા પ્રાણીઓ કરતાં સ્પર્ધામાં ભાગ લેવા માટે તે ઓછો લાયક હતો. શું તેના કદને કારણે લોકોએ મનમાં ને મનમાં તેને અયોગ્ય માની લીધો હતો? કે પછી તેના ચાલાક અને કપટી હોવાને કારણે તેની ખરાબ પ્રતિષ્ઠાને લીધે તેને અયોગ્ય ગણવામાં આવતો હતો? વાસ્તવમાં તો આ લક્ષણને કારણે જ ઉંદર સદીઓથી ટકી રહ્યો હતો.

અંતતઃ, કોઈપણ વ્યક્તિ એ વાત નકારી શકી નહીં કે ઉંદરે સ્વર્ગની વેદી સુધી બધાંથી પહેલાં પહોંચવાની ચતુર યોજના શોધી કાઢી હતી. ઉંદરને જ સ્વર્ગના સમ્રાટના મુખથી નીકળેલા આદેશને પૂર્ણ કરનાર એકમાત્ર પ્રાણી માનવામાં આવ્યો. અનંતકાળ સુધી ઉંદરને ચીની રાશિચક્રમાં પ્રથમ પ્રાણીનો દરજ્જો આપવામાં આવ્યો. તીક્ષ્ણ નજરવાળા, અત્યંત બુદ્ધિશાળી અને પરિસ્થિતિઓ પ્રમાણે સ્વયંને ઢાળી દેવાના, લવચીકતાના ગુણવાળા ઉંદરે એ બતાવી દીધું કે યુક્તિપૂર્વક પોતાનું કામ કરી લેવું એ તેનો જન્મજાત ગુણ છે.

તદુપરાંત, તેણે એટલા સદ્ગુણો પ્રદર્શિત કર્યા કે સમ્રાટે તેની ભૂલ માફ કરી દીધી. સ્વર્ગના ન્યાયનું ત્રાજવું ઉંદર તરફ નમી ગયું અને તે દિવસથી ઉંદર એક મહાન વિજેતા બની ગયો.

પરિણામ આવ્યા પછી, તેમના કહેવા મુજબ સ્વર્ગના સમ્રાટે બધાં પ્રાણીઓનું સન્માન કર્યું. તે દિવસે તેમણે કરેલી ઘોષણા કદાપિ નહીં બદલાય. ઉંદરને સન્માનપૂર્વક યોગ્ય સ્થાન આપવામાં આવ્યું અને તેને ચીની રાશિચક્રનો પ્રથમ પ્રાણી ઘોષિત કરવામાં આવ્યો. તેનું નાનું કદ અને ચાલાકીભરી રીત હોવા છતાં ઉંદર પૃથ્વી પર બીજાં બધાં પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ સાબિત થયો.

ભલે સમ્રાટની આજ્ઞા પૂર્ણ થઈ ગઈ હોય અને પ્રાણીઓની વચ્ચે દોડનો નિર્ણય આવી ગયો હોય પરંતુ એ કોણ હતું જેની કરતૂતોએ બધાંનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કર્યું હતું? કોની વાર્તા કાયમ માટે અમર થઈ ગઈ? હા, તમારું અનુમાન સાચું છે : ઉંદરની! દરેકની સ્મૃતિમાં ઉંદરની સફળતા આજે પણ રહેલી છે.

જે લોકોનો જન્મ મૂષકના વર્ષમાં થયો છે તેમણે પોતાને સૌભાગ્યશાળી માનવા જોઈએ અને ખુશ થવું જોઈએ કે તેમને ઉંદરની ચતુરાઈ, સકારાત્મકતા, લવચીકતા, પરિસ્થિતિ અનુસાર સ્વયંને ઢાળવાની યોગ્યતા અને તીક્ષ્ણ નજર જન્મજાત રૂપે મળી છે.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.